સને ૨૦૧૫-૧૬ માં નવી બાબતે રાજ્યના ૧૯ વિકાસશીલ તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન સાથે ' દૂધ સંજીવની યોજના' હેઠળ પોષણક્ષમ દૂધ આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃ મભય/૧૦૨૦૧૪/૫૯૬ /૨,

શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૫ /૦ ૪/૨૦૧૫

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૯/૧૧/૮૪ના ઠરાવ ક્રમાંક-મભય/૧૩૮૪ /ક

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૭/૦૯/૨૦૧૪, તા.૧૯/૧૧/૨૦૧૪ અને તા.૨૭/૩/૨૦૧૫ ના સરખા ક્રમાંકના ઠરાવ

(૩) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૧૮/૩/૧૫ના પત્ર ક્રમાંકઃમભય/અમલ-૪/૨૫૮૦

(૪) ભારત સરકારના નાંણા વિભાગના તા.૧/૦૩/૨૦૧૧ના જાહેરનામાં ક્રમાંક-૧/૨૦૧૧/સેન્ટ્રલ એકસાઇઝ

ઠરાવ –

શિક્ષણ વિભાગના સંદર્ભ-(૨)ના ઠરાવથી સને ૨૦૧૪-૧૫ માં નવી બાબતે પાટણ જિલ્લાના સાંતલપુર અને અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન સાથે ' દૂધ સંજીવની યોજના' હેઠળ પોષણક્ષમ દૂધ આપવા માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. સંદર્ભ-(૩) ના કમિશ્નરશ્રી, મ.ભો.યો.ના પત્રથી સને ૨૦૧૫-૧૬માં નવી બાબતે માંગણી નં-૯ માટે કુલ ખર્ચ રૂ.૪૮૬૩.૮૬ લાખ, માંગણી નં-૯૫ માટે કુલ ખર્ચ રૂ.૦૬૭૫.૫૪ લાખ અને માંગણી નં -૯૬ માટે કુલ ખર્ચ રૂ.૧૨૧૫.૯૬ લાખ, પ્લાન સદરે રાજ્યના ૯ જિલ્લાના ૧૯ વિકાસસીલ તાલુકાની ૨૭૪૬ શાળાઓમાં હાજર રહેતા/ભણતા ૪,૧૩,૫૮૧ વિદ્યાર્થીઓને અઠવાડિયામાં પાંચ દિવસ ૨૦૦ મીલીગ્રામ ફ્લેવર્ડ દૂધ આપવાની " દૂધ સંજીવની યોજના" શરૂ કરવા અને તે માટે અઠવાડિયામાં પાંચ દિવસ લેખે વર્ષમાં ૨૦૦ દિવસ માટે રુ..૬૬૧૭.૨૯ લાખ ( દૈનિક બાળકદીઠ ૨૦૦ મીલી ગ્રામ ફ્લેવર્ડ દૂધની અંદાજીત કિંમત રુ.૭.૫૦ ના ધોરણે જે તે જિલ્લાની દૂધ ડેરી પાસેથી મેળવવામાં આવનાર છે.જ્યાં ડેરી નથી ત્યાં નજીકના જિલ્લામાંથી દૂધ મેળવવામાં આવશે અને પરિવાહન ખર્ચ બાળક દીઠ રુ.૦.૫૦ ના દરે અંદાજવામાં આવેલ છે) અને રાજ્યના ૯ જિલ્લાના ૧૯ વિકાસશીલ તાલુકાની ૨૭૪૬ પ્રા.શાળાઓ માટે ઇન્સુલેટેડ બોક્ષ નંગ ૧૩,૪૭૦ની એક બોક્ષની કિમત રુ.૧૦૨૫/- લેખે કુલ રુ.૧,૩૮,૦૬,૭૫૦નો ખર્ચ મળીને રુ.૬૭૫૫.૩૬ લાખની બજેટ જોગવાઇ ને વહીવટી મંજુરી માટે કમિશ્નરશ્રી, મ.ભો.યો. દ્વારા દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાઓના નામ અને સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | (૧)વાવ-૧૨૫ (૨)સૂઇગામ-૬૪ (૩)થરાદ-૨૬૧ (૪)દિયોદર-૧૫૯ (૫)ભાભર-૧૧૭ (૬) કાંકરેજ-૨૬૫ |
| ૨ | ભાવનગર | (૭) ધોઘા-૬૭ |
| ૩ | દેવભૂમિ દ્વારકા | (૮) કલ્યાણપુર-૨૧૮ |
| ૪ | સુરેન્દ્રનગર | (૯) ચોટીલા-૧૩૦ (૧૦) સાયલા-૧૨૧ (૧૧) થાનગઢ -૫૦ |
| ૫ | કચ્છ | (૧૨) રાપર-૨૯૮ (૧૩) લખપત-૧૦૯ |
| ૬ | પાટણ | (૧૪) સમી-૭૯ (૧૫) શંખેશ્વર-૪૩ |
| ૭ | બોટાદ | (૧૬) બરવાળા-૩૭ |
| ૮ | પંચમહાલ | (૧૭) શહેરા-૨૪૭ (૧૮) ખાનપુર-૧૩૫ |
| ૯ | છોટાઉદેપુર | (૧૯) બોડેલી-૨૨૧ |

૨/ ઉકત બાબતે પુખ્ત વિચારણાના અંતે સને ૨૦૧૫-૧૬માં નવી બાબતે માંગણી નં-૯ માટે કુલ ખર્ચ રૂ.૪૮૬૩.૮૬ લાખ, માંગણી નં-૯૫ માટે કુલ ખર્ચ રૂ.૦૬૭૫.૫૪ લાખ અને માંગણી નં-૯૬ માટે કુલ ખર્ચ રૂ.૧૨૧૫.૯૬ લાખ, પ્લાન સદરે રાજ્યના ૯ જિલ્લાના ૧૯ વિકાસશીલ તાલુકાની ૨૭૪૬ શાળાઓમાં હાજર રહેતા/ભણતા ૪,૧૩,૫૮૧ વિદ્યાર્થીઓને અઠવાડિયામાં પાંચ દિવસ ૨૦૦ મીલીગ્રામ ફ્લેવર્ડ દૂધ આપવાની " દૂધ સંજીવની યોજના" શરૂ કરવા માટે અઠવાડિયામાં પાંચ દિવસ લેખે વર્ષમાં ૨૦૦ દિવસ માટે રુ..૬૬૧૭.૨૯ લાખ ( દૈનિક બાળકદીઠ ૨૦૦ મીલી ગ્રામ ફ્લેવર્ડ દૂધની અંદાજીત કિંમત રુ.૭.૫૦ ના ધોરણે જે તે જિલ્લાની દૂધ ડેરી પાસેથી મેળવવામાં આવનાર છે.જ્યાં ડેરી નથી ત્યાં નજીકના જિલ્લામાંથી દૂધ મેળવવામાં આવનાર છે અને પરિવહન ખર્ચ બાળક દીઠ રુ.૦.૫૦ ના દરે અંદાજવામાં આવેલ છે) અને રાજ્યના ૯ જિલ્લાના ૧૯ વિકાશીલ તાલુકાની ૨૭૪૬ પ્રા.શાળાઓ માટે ઇન્સુલેટેડ બોક્ષ નંગ ૧૩,૪૭૦ ખરીદવા એક બોક્ષની કિમત રુ.૧૦૨૫/- લેખે કુલ રુ.૧,૩૮,૦૬,૭૫૦નો ખર્ચ મળીને રુ.૬૭૫૫.૩૬ લાખની (એકે રૂપિયા સડસઠ કરોડ પંચાવન લાખ અને છત્રીસ હજાર પુરા)ની બજેટ જોગવાઇને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

<u>બોલીઓ અને શરતો-</u>

(૧) સંદર્ભ-(૪)દર્શાવેલ ભારત સરકારના જાહેરનામા મુજબ જે ડેરીને લાગુ પડતુ હોય ત્યાં ફ્લેવર્ડ દૂધ ઉપર એકસાઇઝ ડયુટી પેટે પ્રતિ પાઉચ રુ.૦.૧૫૪૪૮/-લેખે એકસાઇઝ ડયુટીને પણ મંજુરી આપવામાં આવે છે.

(૨) આ યોજનાનું નામ " દૂધ સંજીવની યોજના " રહેશે.

(૩) ઉપર મુજબ રાજ્યના ૯ જિલ્લાના ૧૯ વિકાસશીલ તાલુકાની ૨૭૪૬ પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે આ યોજના ચાલુ કરવામાં આવશે.

(૪) દૂધ વિતરણ અંગેની વ્યવસ્થા બાબતે સબંધિત જિલ્લાના નાયબ કલેકટ મધ્યાહન ભોજન યોજનાએ જરૂર જણાયે પ્રાયોજના વહીવટદાર સાથે વિચારણા કરીને રૂટ નક્કી કરવાના રહેશે.

(૫) દૂધ વિતરણ વ્યવસ્થા માટે પેકીંગ પાઉચ ઉપર "વેચાણ માટે નથી"તેવું સ્પષ્ટ લખવું અને દૂધના પાઉચની વેચાણ કિંમત લખવાની રહેશે નહિ તેમજ ડેરીનો ફોન નંબર અને ૨૦૦ એમ.એલ.ફોર્ટીફાઇડ ફ્લેવર્ડ દૂધમાં ફેટ,કાર્બોહાઇડ્રેટ પ્રોટીન,ખનીજ કેલ્શિયમ,વિટામીન-એ અને વિટામીન-બીની માત્રા કેટલી રહેશે.તેનું કોમ્પોઝીન સ્પષ્ટ વંચાય તે રીતે દર્શાવવાનું રહેશે. અને સ્વચ્છતા અંગેનો પણ નિર્દેશ કરવાનો રહેશે.

દૂધની ફ્લેવર ઇલાયચી રહેશે.તેમાં નીચે મુજબના ખનીજો અને વિટામીનનો સમાવેશ કરવાનો રહેશે.

200 ml fortified fiavoured Double Tonned Pastauriaed Milk,
Fat ; 3 gm
Totel Carbohydrate 24 gm, Pretain 7 gm.
Viramin A 500 Iu cqvivalent to 150 mcg,

(૬) દૂધનું વિતરણ કરવા માટે સબંધિત જિલ્લા દ્વારા સબંધિત તાલુકાના ડેપોની વ્યવસ્થા કરવાની રહેશે.ડેપોએથી દૂધના ઇન્સ્યુલેટેડ વાન મારફતે દરેક શાળાએ પહોચાડવાનું રહેશે.દરેક કેરેટમાં ૬૦ જેટલા પાઉચનો સમાવેશ કરવાનો રહેશે.

(૭) ડીલીવરી અંગેની કાઉન્ટર ફોઇલ ડેપો પર રાખવામાં આવશે.ડેપો પર એક પાવતીબુક રહેશે.કાઉન્ટર સહી સાથે એક પાવતી ડેરીના સપ્લાયરને પરત આપવામાં આવશે.

(૮)શાળાઓએ જાહેર રજા,રવિવારની રજા હોય તે દિવસોએ દૂધ બંધ રાખવાનું હોય તે દિવસના પ્રસંગોએ દૂધ બંધ રાખવા માટે એક દિવસ અગાઉ જાણ કરવાની રહેશે.શાળા તરફથી ઇન્ડેન્ટ રજુ થાય તે મુજબ દૂધ સપ્લાય કરવાનું રહેશે.

(૯) દૂધનું વિતરણ કરવા માટે સબંધિત જિલ્લાની ડેરી દ્વારા ટેન્ડર પધ્ધતિથી ટ્રાન્સપોટેશનના ભાવ મંગાવશે અને ટેન્ડર પધ્ધતિથી કોન્ટ્રકટ આપવાનો રહેશે. સબંધિત જિલ્લાની ડેરી જે કોન્ટ્રકટર નક્કી કરે તે કોન્ટ્રકટર સાથે સબંધિત જિલ્લાના નાયબ કલેકટર (મ.ભો.યો.)એ કરાર કરવાનો રહેશે.ટ્રાન્સપોટેર્શનના નક્કી થયેલ નિયત ભાવ મુજબ સબંધિત જિલ્લાની ડેરી મારફત ચુકવણું કરવાનું રહેશે.

(૧૦) ટ્રાન્સપોટરે એક ડાયરી રાખવાની રહેશે.જેમાં નીચેની વિગતો દરરોજ નોંધવાની રહેશે.

(૧) સબંધિત જિલ્લાની ડેરીના ડેપો પરથી કેટલા ઇન્સ્યુલેટેડ બોકસ આપ્યા ? (૨) કેટલા નંગ પાઉચ આપ્યા (૩) કેટલા વાગ્યે નિશાળને દૂધ પહોચાડ્યું ? તેનો સમય,તારીખ સાથે સહી મેળવવાની રહેશે.(૪) બીજા દિવસે કેટલા દૂધના (પાઉચ)ની જરૂરીયાત છે ? તે માટેનું ઇન્ડેન્ટ મેળવવાનું રહેશે.(૫)માસ પૂરો થતાં આ ડાયરી સબંધિત જિલ્લાની ડેરીના ડેપોમાં જમા કરવવાની રહેશે.(૬)ડેપોવાઇઝ કોન્ટ્રકટરની ડાયરી મુજબ કેટલું દૂધ મળ્યું અને બીજા દિવસ માટે કેટલી જરૂરીયાત રહેશે ? તેની વિગત ડેપોએ જમા-ઉધાર મુજબ હિસાબ રાખવાનો રહેશે અને ડેપો ઇન્ચાર્જએ ડાયરીમાં પ્રતિ સહી કરવાની રહેશે.

(૧૧) સબંધિત જિલ્લાના તાલુકાની શાળાઓમાં સવારે ૧૧-૦૦ કલાકે વિદ્યાર્થીઓને દૂધ પહોંચી જાય તે રીતે સમય અને સ્થળની પરિસ્થિતિના આધારે રૂટ નક્કી કરવાના રહેશે.

(૧૨) સબંધિત જિલ્લાના નાયબ કલેકટર (મ.ભો.યો.) સબંધિત જિલ્લાના તાલુકાની ગામની શાળાઓનું લીસ્ટ,વિદ્યાર્થીઓની સંખ્યાની વિગત સબંધિત ડેરી મારફત ટ્રાન્સપોટરને આપવાની રહેશે.

(૧૩) ચાલુ શૈક્ષણિક સત્રમાં યોજનાનું અમલીકરણ થાય તે તારીખથી ૩૦ એપ્રીલ સુધીમાં દિવસો આવરી લેવાના રહેશે.તે મુજબ શાળા અને વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ ખર્ચની વિગતો સબંધિત જિલ્લાના નાયબ કલેકટર (મ.ભો.યો.)એ તૈયાર કરવાની રહેશે.

(૧૪) ક્યા ક્યા રજીસ્ટર રાખવા અને તે કઇ રીતે નિભાવવા તે અંગેની જરૂરી સૂચના કમિશ્નરશ્રી,મધ્યાહન ભોજન યોજના દ્વારા સબંધિત જિલ્લાના નાયબ કલેકટર (મ.ભો.યો.)ને આપવાની રહેશે.

(૧૫) દરેક શાળામાં શાળા સંચાલકનો તાત્કાલિક સંપર્ક થઇ શકે તે માટે ટેલીફોન નંબરોની યાદી બનાવવાની રહેશે તેમજ શક્ય હોય તો વ્યક્તિગત મોબાઇલ નંબર પણ મેળવી યાદી બનાવી સબંધિત જિલ્લાની ડેરીના ટ્રાન્સપોર્ટરને આપવાની રહેશે.આવી રીતે દરેક શાળાને સબંધિત જિલ્લાની ડેરીના ડેપો નંબર તથા કોન્ટ્રકટરના વાહન ચાલકનું નામ અને તેનો મોબાઇલ ફોન નંબર મેળવીને આપવાનો રહેશે.

(૧૬) હાલમાં આ યોજના પ્રાયોગિક ધોરણે શરૂ થનાર હોઇ વિદ્યાર્થીઓના ન્યુટ્રિશન અને સ્વાસ્થયમાં કોઇ ફેરફાર થાય તે જોઇ શકાશે નહિં.ઓછામાં ઓછા આ માટે પાંચ છ માસ જોઇએ,તેમ છતાં શરૂઆતના સબંધિત તાલુકાઓના નજીકમાં આવેલ કોમ્યુનિટિ હેલ્થ સેન્ટર (સી.એ.સી.)માં વિદ્યાર્થીઓના રેન્ડમ ટેસ્ટ લઇ આરોગ્યની ચકાસણી કરવાની રહેશે. આ યોજનાના અમલીકરણના સાતથી આઠ માસ પછી કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના દ્વારા મૂલ્યાંકન કરવાનું રહેશે.તે અંગે મોનીટરીંગ અહેવાલ બાદ આ યોજનાની સમીક્ષા કરી આ યોજના આવતા વર્ષોમાં ચાલુ રાખવી કે કેમ? તેનો નિર્ણય કરવાનો રહેશે.

(૧૭) આ યોજનાનો અમલ સબંધિત જિલ્લાના  નાયબ કલેકટર (મ.ભો.યો.)એ સબંધિત ડેરીના સહયોગમાં મધ્યાહન ભોજન યોજનાના પ્રવર્તમાન માળખામાં રહીને તેનો અમલ કરતાં અધિકારી/કર્મચારીઓ મારફતે કરવાનો રહેશે.

(૧૮)આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૯)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન  ચાલુ તથા આગામી નાણાકિય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૨૦) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટ અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૨૧) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૨૨)આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૨૩) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનો રહેશે.

(૨૪)આઇ.ટી.સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૫) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચમાં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું તથા તે અંગેની વખતો વખતેની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨૭) પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશ મેળવી લેવાના રહેશે.

(૨૮)તા.૧/૪/૨૦૧૫ થી ખર્ચ કરવાનો રહેશે.

૩/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૪/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૫, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૫/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૬, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિગતવાર-સદર (૦૩)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૬/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૧/૦૪/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આર.મનસુરી)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

--માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
--માન. રા.ક. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- જિલ્લા કલેકટરશ્રી, બનાસકાંઠા, ભાવનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, કચ્છ, પાટણ, બોટાદ, છોટાઉદેપુર.

--જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,બનાસકાંઠા,ભાવનગર,દેવભૂમિ દ્વારકા,સુરેન્દ્રનગર, કચ્છ, પાટણ, બોટાદ, છોટાઉદેપુર.

--જિલ્લા તિજોરી અધિકારીશ્રી, બનાસકાંઠા, ભાવનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, કચ્છ, પાટણ, બોટાદ, છોટાઉદેપુર

-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)

-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

-- નાયબ સેકશન અધિકારીશ્રી,

-- સિલેક્ટ ફાઇલ.